બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝની બટાલિયન નં. ૨, ભુજ-કચ્છને બટાલિયન નં. ૧, પાલનપુર, બનાસકાંઠામાં મર્જ કરી તેનું એક જ હેડ ક્વાર્ટર્સ બટાલિયન નં. ૧, પાલનપુર, બનાસકાંઠા ખાતે નક્કી કરવા બાબત.

सत्यमेव जयते

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: **HD/SGD/e-file/8/2025/3359/F**
સચિવાલય, ગાંધીનગર
તારીખ: /૧૦/૨૦૨૫

- 7 OCT 2025

વંચાણે લીધા: -

(૧) કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝની કચેરી, લાલ દરવાજા, અમદાવાદનો તા.૧૦/૧૦/ ૨૦૨૪નો પત્ર ક્રમાંકઃ કજ/સપા/મકમ/૭૦૮/પાર્ટ-A/૧૩૪૫/૨૦૨૪.

(૨) કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝની કચેરી, લાલ દરવાજા, અમદાવાદનો તા.૧૮/૦૭/ ૨૦૨૫નો પત્ર ક્રમાંકઃ કજ/સપા/મકમ/૭૦૮/પાર્ટ-A/૬૪૦/૨૦૨૫.

આમુખ:-

કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદના તાબા હેઠળ બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝની બટાલિયન નં. ૧, પાલનપુર, બનાસકાંઠા તેમજ બટાલિયન નં. ૨, ભુજ-કચ્છ એમ બે બટાલિયન્સ કાર્યરત છે. કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદ દ્વારા વંચાણે લીધેલ (૧) તેમજ (૨)થી કરેલ દરખાસ્તોની વિગતો મુજબ બટાલિયન નં. ૨, ભુજ-કચ્છને બટાલિયન નં. ૧, પાલનપુર, બનાસકાંઠામાં મર્જ કરી તેનું એક જ હેડ ક્વાર્ટર્સ બટાલિયન નં. ૧, પાલનપુર, બનાસકાંઠા ખાતે નક્કી કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદના તાબા હેઠળની બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝની બટાલિયન નં. ૨, ભુજ-કચ્છને બટાલિયન નં. ૧, પાલનપુર, બનાસકાંઠામાં મર્જ કરી તેનું એક જ હેડ ક્વાર્ટર્સ બટાલિયન નં. ૧, પાલનપુર, બનાસકાંઠા ખાતે નક્કી કરવાનું નીચેની શરતોને આધીન આથી ઠરાવવામાં આવે છે.

(૧) અસર પામતી ઉક્ત બટાલિયન નં. ૨, બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ, ભુજ-કચ્છના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓની કામગીરી તથા રેકર્ડ, સરકારી વાહનો, ફર્નિચર અને અન્ય તમામ બાબતની તબદીલીની નિયમાનુસારની કામગીરીની જવાબદારી કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદની રહેશે.

(૨) બટાલિયન નં. ૨, બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ, ભુજ-કચ્છના તમામ પ્રકારના રેકર્ડની આંતરિક વ્યવસ્થાથી સોંપણી કરવાના સ્પષ્ટ હુકમો થાય તે કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૩) બટાલિયનને કાર્યરત કરવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઉભી કરવાની કામગીરી કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદે કરવાની રહેશે.

(૪) કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદે હવે પછીની નામ. કોર્ટની નોટીસો, પત્ર વ્યવહાર કે આગળની કાર્યવાહી જે તે બટાલિયનને નવા સરનામે મળે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) બટાલિયન નં. ૨, બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ, ભુજ-કચ્છને બટાલિયન નં. ૧, બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ, પાલનપુર, બનાસકાંઠા ખાતે ખસેડવાની સંપૂર્ણ કામગીરી કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદ

હસ્તકના સરકારી વાહનમાં જ કરવાની રહેશે. આ શિફ્ટીંગની કામગીરી માટેનો ખર્ચ જેવો કે, વાહનનો ખર્ચ કે અન્ય કોઇ પણ પ્રકારનો ખર્ચ મળવાપાત્ર થશે નહીં.

(૬) બટાલિયન નં. ૨, બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ, ભુજ-કચ્છના સંબંધિત અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને બદલી વળતર ભથ્થુ મળવાપાત્ર થશે નહિ.

(૭) કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદને આ હુકમ ઉપરાંત વધારાની યોગ્ય લાગે તે શરતો વિભાગની જાણ હેઠળ આમેજ કરી શકશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચેતન ઇ. પ્રજાપતિ)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

**નકલ રવાના:-**

(૧) માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝની કચેરી, લાલ દરવાજા, અમદાવાદ.

(૪) બટાલિયન કમાન્ડન્ટશ્રી, બટાલિયન નં. ૧, બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ, પાલનપુર, બનાસકાંઠા. **(કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદ મારફતે)**

(૫) બટાલિયન કમાન્ડન્ટશ્રી, બટાલિયન નં. ૨, બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ, ભુજ- કચ્છ. **(કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, અમદાવાદ મારફતે)**

(૬) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર, બનાસકાંઠા/ભુજ-કચ્છ.

(૭) સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

(૮) શાખા સિલેક્ટ ફાઇલ

(૯) ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.